SIMULATIONS
Public Affairs Management Services

D-309, Shivalik Corporate Park, B/h IOC Petrol Pump, Between Shyamal – Shivranjani Cross Rd, On 132 Ft Ring Road, Satellite, Ahmedabad – 380015
Ph : 079- 65214200 Fax : 079-40065014
Email : simulationsindia@gmail.com

**Jaihind**
**Edition:** Ahmedabad | **Date:** June 09, 2011 | **Page No.:** 07 | **Category:** Sterling Hospital

**First living donor liver transplantation successfully performed at Sterling Hospital**

### ડો. કનુભાઈ ગોહિલને સાળાએ લીવર ડોનેટ કરતાં નવજીવન મળ્યું

# જીવીત દાતાના લીવરની સહાયથી સ્ટર્લીંગમાં પ્રથમ લીવર ટ્રાન્સપ્લાન્ટ થયું

અમદાવાદ તા.૮

લીવરની બીમારી અત્યંત ગંભીર લેખાય છે અમદાવાદ ખાતે બે-ત્રણ હોસ્પીટલોમાં લીવર સ્ટ્રાન્સ પ્લાન્ટ સર્જરી થાય છે, તેમાં દાતાના લીવરની મદદથી સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ સ્ટર્લીંગ હોસ્પીટલ ખાતે સૌ પ્રથમવાર કરવામાં આવ્યુ હતું. જીવીત વ્યક્તિના લીવરની મદદથી લીવર સીરોસીસથી પીડાતા આણંદના ૫૨ વર્ષના જનરલ પ્રેક્ટશનર ડો.કનુભાઈ ગોહીલ અને તેમના સાળાના લીવરના દાનથી આ ઓપરેશન ડો.એ.એસ.સાઈન, ડો.હિતેષ ચાવડા અને ડો. રવિ મોહન્કા અને તેમની ટીમ દ્વારા ૧૪ કલાક સુધી ઓપરેશન કરવામાં આવ્યું હતું. તેની સફળતા સાથે હવે સ્ટર્લીંગ હોસ્પીટલમાં આ જટીલ ઓપરેશન કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે.

## ૨૦ વર્ષ પૂર્વે રક્તદાતાના લોહીથી હીપેટાઈટીસ-સીનો ચેપ લાગતાં ગંભીર લીવર સિરોસીસના દર્દીની સર્જરી થઈ

આ અંગે માહિતી આપતાં કન્સલ્ટન્ટ હીપેટોબીલી અરી સર્જન તથાં લીવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામના વિભાગના વડાડો હિતેષ ચાવડાએ જણાવ્યુ હતુ કે ગત માસમાં ડો. કનુભાઈના પેટમાં તકલીફ, અશક્તિ, અને કમળાની ફરિયાદ સાથે હોસ્પીટલનો સંપર્ક સાધ્યો હતો, તબીબી તપાસમાં જણાવ્યુ હતુ કે તેમને ૨૦ વર્ષ અગાઉ રક્તદાતા તરફથી હિપેટાઈટીસનો ચેપ લાગ્યો હતો તેના કારણે લીવર સીરોસીસ થયુ હતુ તેઓ લીવર ફેઈલ્પોરના છેલ્લા તબક્કાનો ભોગ બન્યા હતા, તેમજ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન અનિવાર્ય બન્યુ હતું થોડા સપ્તાહ સુધીજ જીવી શકે તેમ હતુ.

• આથી મૃત વ્યક્તિનું લીવર ટ્રાન્સપ્લાન્ટ નહી કરવા સલાહ અપાઈ હતી, કારણ કે તેની પ્રતિક્ષા યાદી લાંબી હોય છે, તેમાં ૧૨ માસ સુધી રાહ જોવી પડે તેવી સ્થિતિ હતી આથી તેના વિકલ્પે લીવીંગ ડોનર લીવર ટ્રાન્સપ્લાન્ટેશન કરવાનું અનિવાર્ય હતું આથી તેમના સાળા પુનમ પરમાર તેમની મદદે આવ્યા તેમનું બ્લડગ્રુપ મેચ થતુ હતું તેમના લીવરનો એક હીસ્સો દાનમાં લેવામાં આવ્યો હતો ગત ૨૦મી મેના રોજ લીવર ડોનેશન અને લીવર ટ્રાન્સપ્લાન્ટેશનની સર્જરી એક સાથે બે ઓ.ટી.માં કરવામાં આવેલ ત્યારબાદ સર્જરી સફળ થઈ હતી. અને ૭મા તેમજ ૧૨માં દિવસે તંદુરસ્ત અને સ્થિર હાલતમાં રજા આપવામાં આવી હતી. આ લીવર ટ્રાન્સપ્લાન્ટેશનનો ખર્ચ અંદાજે રૂા.૧૮ લાખ ઉપરાંત થતો હોવાનું ડો. ચાવડાએ જણાવ્યુ હતુ આ ઓપરેશનમાં વિવિધ સ્પેશીયાલીટી ધરાવતા 30 જેટલા તબીબોની જરૂરીયાત સાથે અદ્યતન સાધન-સામગ્રી આવશ્યક બની રહે છે તેમ ડૉ. ચાવડાએ જણાવ્યું હતું.

આ સર્જરીમાં દાતાના લીવરનો એક ભાગ દુર કરીને લીવરની બિમારી ધરાવતા દર્દીમાં બેસાડવામાં આવ્યો હતો તે પ્રક્રિયામાં ત્રણ સર્જન ડોનરના અને ત્રણ સર્જન લીવર સ્વીકારનારના માટે એન સ્થેટીસ્ટની રેડીયોલોજીસ્ટને પણ થીયેટરમાં હાજર રાખવામાં આવે છે અલ્ટ્રા સાઉન્ડ સ્કેન કરીને જાણી શકાય છે.

લીવર સ્વીકારનારના શરીરમાં ખરાબ ભાગ કાઢીને નવો ભાગ ગોઠવી દેવાય છે અને લોહીનો પ્રવાહ યોગ્ય રીતે પ્રસ્થાપિત થાય છે તેમાં લીવર આપનારના પેટમાં ક્રમશઃ ખૂન-તેની યોગ્ય પ્રમાણમાં વૃદ્ધિ થાય છે.

ડો.ચાવડાએ જણાવ્યુ હતુ કે સ્ટર્લીંગ હોસ્પીટલમાં આ પ્રથમ સર્જરી કરવામાં આવી હતી જેમાં ડો. એ.એસ.ઓઈ તેમની ટીમના સહાયક તરીકે ડો.ગોહીલ ડો.એસ.પરવાસી, ડો.નિલય મહેતા, ડો.વિસ્મિત અને ડો. સુમાના ની બનેલી ટીમનો તેમાં સમાવેશ થાય છે. આ તબીબોએ લીવર ડોનરમાં કેડેવર અને પરિવારના સભ્ય દ્વારા લીવર ડોનેશન માટે જાગૃતિ પર ભાર મુક્યો હતો દાતા માટે આજે સેંકડો દર્દીઓ પીડા ભોગવી રહ્યા છે અને રાહ જુએ છે.